પુસ્તક ૪૭

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સંવત ૨૦૭૫ - અષાઢ સુદ-૫

પ.પૂ. જિનશાસનના અણગાર, શાસનના શણગાર સંયમી, જ્ઞાની, ગીતાર્થ ગુરુભગવંતોના ચરણોમાં સાદર કોટિશઃ વંદનાવલી... આપ સુખ શાતામાં હશો.

જિનાજ્ઞા સમારાધક શ્રેષ્ઠિવર્ય, પંડિતવર્યશ્રી, સુશ્રાવકશ્રી,......પ્રણામ!

પૂજ્ય ગુરુદેવોની કૃપાદૃષ્ટિ, આશિર્વાદ અને પ્રેરણાથી શ્રુતજ્ઞાનની અનેકવિધ માહિતી, શ્રુતરક્ષા સંબંધી કાર્યો છેલ્લા દસ વર્ષથી ચાતુર્માસ દરમ્યાન પ્રકાશિત થતાં " અહો !શ્રુતજ્ઞાનમ્ " ના માધ્યમથી આપશ્રીને મોકલેલ છે. ૧૧ માં વર્ષમાં પ્રથમ અંકમાં આ પ્રથા અમોએ જાળવી રાખી છે.

ચાર્તુમાસ એટલે આરાધના, સ્વાધ્યાય અને તપનું પર્વ. ચાર્તુમાસાર્થે જે સંઘોને પૂજ્ય ગુરુદેવોની નિશ્રા મળતી હોય તેઓ ખરેખર ભાગ્યશાળી તથા પ્રકૃષ્ટ પુણ્યવાન છે તેવા સંઘોએ પૂજ્યોની નિશ્રામાં તેમના માર્ગદર્શન હેઠળ સંઘમાં રહેલ જ્ઞાનભંડાર અને પાઠશાળાને સમૃદ્ધ, સક્રિય તેમજ ચેતનવંતી બનાવવા માટેની સુવર્ણ તક ગુમાવવી ન જોઇએ. જ્ઞાનભંડારને તેમના સૂચન મુજબ વ્યવસ્થિત કરવો અને જે પુસ્તકો અભ્યાસ ઉપયોગી હોય તે નવા વસાવીને સમૃદ્ધ અને બહુજનને ઉપયોગી બનાવી શકાય છે. આપણી પાઠશાળાઓમાં સામાન્યતઃ સૂત્રો ગોખાવીને ધાર્મિક શિક્ષણ આપ્યાનો સંતોષ માની લેવામાં આવે છે. જીવવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કર્મવિજ્ઞાન ઉપર ભાર મૂકવામાં આવતો હોય તેવું પ્રાયઃ જોવામાં આવતુ નથી. એમ પાઠશાળા એટલે બાળકો પૂરતી મર્યાદિત થતી જતી હોય એવું પ્રાયઃ બનતુ હોય છે. જેમાં ૫ થી ૧૫ વર્ષ સુધીના બાળકો અભ્યાસ કરતા હોય, પણ જેઓ પોતાના જીવનના સૌથી મહત્વના તબક્કામાંથી પસાર થઇ રહ્યા છે, તેવાં યુવાનો માટેના જ્ઞાનપ્રાપ્તિનો સ્ત્રોત શું ?

જે તે સંઘ પોતાના નિશ્રાવર્તી ગુરૂભગવંતોને વિનંતી કરીને સાંજના / રાતના સમયે યુવાનો માટે ચાર પ્રકરણ-ત્રણભાષ્ય અને કર્મગ્રંથના પદાર્થોનું જ્ઞાન તેમના દ્વારા અપાવી શકાય. જૈન ધર્મની અસ્મિતા તેમજ ઇતિહાસ વગેરે વિષયો ઉપર રાત્રિ પ્રવચન ભાઇઓ માટે રાખી શકાય. તદુપરાંત દેરાસરની વિધિ, સામાયિક - પૌષધની વિધિ વગેરેનું તલસ્પર્શી જ્ઞાન આપવાથી શ્રીસંઘને વિષે ક્રિયા શુદ્ધિ વધશે. સમ્યક્ જ્ઞાનના પ્રચાર-પ્રસારને આ રીતે વેગ મળશે. પૂજ્ય સાધ્વીજી ભગવંતો દ્વારા પણ બપોરના સમયે યુવતીઓ માટે આ રીતે જૈનીઝમ્નાં જ્ઞાનને પીરસતાં વિશિષ્ટ પ્રવચન શિબિર રાખી શકાય. જે સંઘોમાં પૂજ્ય સાધુ અથવા સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ દરમ્યાન ન હોય તેઓ પણ ચાતુર્માસમાં જ્ઞાનાભ્યાસ માટે પંડિતજી દ્વારા વ્યવસ્થા ગોઠવીને જ્ઞાનોપાર્જન કરવા દ્વારા સ્વકલ્યાણ સાધી શકે.

સંસારની બધી જ ક્રિયાઓ-કાર્યમાં આપણે સમય સાચવતાં હોઇએ છીએ. તો જિનવાણીના શ્રવણ માટે પણ સમય સાચવીને પ્રભુની વાણી ગુરુભગવંતનો આદર જાળવવો જોઇએ.

લી. શા બાબુલાલ સરેમલ બેડાવાળાની વંદના

" दासोऽहं सर्व साधूनाम् "

# સં-૨૦૭૪-૨૦૭૫ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | સઢ્ઢ જીય કપ્પો (શ્રાદ્ધ જિતકલ્પ) | આ.કુલચંદ્રસૂરિજી | પ્રા | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨ | જઇ-જીય કપ્પો (યતિ જિતકલ્પ) | આ.કુલચંદ્રસૂરિજી | પ્રા | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| 3 | પંચ કપ્પ ભાસં ભા-૧,૨(પંચ કલ્પ ભાષ્યમ્) | આ.કુલચંદ્રસૂરિજી | પ્રા/સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪ | ગૂઢાર્થ તત્ત્વાલોક યશોલતા ભા-૧ થી ૧૪ | પૂ.ભક્તિયશવિજયજી | સં./ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫ | જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ ટીકા | પૂ.પાર્શ્વરત્નસાગરજી | સં. | ૐકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૬ | યુક્તિ પ્રબોધ નાટકમ્ | પૂ.પાર્શ્વરત્નસાગરજી | સં. | ધાનેરા તપા.જૈન ઉપાશ્રય |
| ૭ | શાન્તસુધારસ ભાગ ૧ થી 3 | સા.ધ્યાનપ્રિયાશ્રીજી | સં./ગુજ. | ૐકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૮ | સિધ્ધહેમશબ્દાનુ.મધ્યમવૃત્તિ અવચૂરિ-3 | આ.રત્નાચલસૂરિજી | સં./હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૯ | સંસ્કૃત શબ્દ રૂપાવલી | આ.હીરચંદ્રસૂરિજી | સં./હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૦ | પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર | સા.મહાયશાશ્રીજી | સં./ગુજ. | ૐકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૧૧ | સમ્યગ્દર્શનમ્ | સા.ભવ્યરત્નાશ્રીજી | સં. | સન્માર્ગ પ્રકાશન |
| ૧૨ | પંચસૂત્ર ૨ થી ૫ | સા.હર્ષપૂર્ણાશ્રીજી | પ્રા/ગુજ. | મહેશભાઇ ડી.શાહ |
| ૧૩ | મહાવીર ઉક્તવાન્ (પ્રત) | આ.જયંતસેનસૂરિજી | સં. | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૧૪ | એકાક્ષર નામકોષ સંગ્રહ | પૂ.રાજસુંદરવિજયજી | સં. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૧૫ | સુન્દરૈકાક્ષરકોષ ભા-૧,૨ | પૂ.રાજસુંદરવિજયજી | સં. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૧૬ | મૌક્તિકદ્વયમ્ (મોતીશાહ વેણીચંદ ચરિત્ર) | આ.મુક્તિ/મુનિચંદ્રસૂરિજી | સં. | ચંપકભાઇ દેઢીયા |
| ૧૭ | વાચના પ્રવાહ | પૂ.તીર્થબોધિવિજયજી | સં. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૧૮ | જ્ઞાનસાર - પીઠિકા | પૂ.ગુણહંસવિજયજી | સં. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૯ | સૂરિરત્ન ષટ્ત્રિંશિકા | પૂ.વાત્સલ્યસુંદરવિજયજી | સં./ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૦ | ભાષ્યત્રિક - ભાવત્રિક | આ.પુણ્યકીર્તિસૂરિજી | સં./ગુજ. | શ્રી દર્શન સ્મૃતિ ટ્રસ્ટ |
| ૨૧ | ઉપધાન કેવી રીતે કરશો ? | આ.દિવ્યકીર્તિસૂરિજી | સં./ગુજ. | શ્રી દર્શન સ્મૃતિ ટ્રસ્ટ |
| ૨૨ | પંચ પ્રતિક્રમણ સૂત્ર - વિવેચન ભા- ૧ થી ૪ | આ.રત્નસેનસૂરિજી | પ્રા/હિં. | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૨૩ | જિનાલય નિર્માણ વિધિ વિધાન | પૂ.સૌમ્યરત્નવિજયજી | પ્રા/ગુજ. | શિલ્પ વિધિ |
| ૨૪ | જૈનીઝમ કોર્ષ ભાગ ૧ થી ૧૨ | પૂ.યશરત્નવિજયજી | ગુજ. | ચૈતન્ય ગુણ જૈન એકેડેમી |
| ૨૫ | જૈનીઝમ કોર્ષ ભાગ ૧ થી ૧૨ | પૂ.યશરત્નવિજયજી | હિં. | શ્રી જૈન શ્વે.નાકોડા પાર્શ્વ.તીર્થ |
| ૨૬ | Jainism Course 1 to 12 | પૂ.યશરત્નવિજયજી | અં. | ચૈતન્ય ગુણ જૈન એકેડેમી |
| ૨૭ | ભગવાન મહાવીર સચિત્ર | આ.જયસુંદરસૂરિજી | હિં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૮ | ઉપદેશ પ્રસાદ - ૨,૩,૪ | આ.જયાનંદસૂરિજી | હિં. | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૨૯ | અજ્ઞાન તિમિર ભાસ્કર | પૂ.સંયમકીર્તિવિજયજી | હિં./ગુજ. | પાર્શ્વાભ્યુદય પ્રકાશન |
| 30 | ચિલ્ડ્રન સ્ટોરી ભાગ ૧ થી 3 | આ.જયાનંદસૂરિજી | હિં. | ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| 3૧ | અકબર પ્રતિબોધક કૌન ? ૨ | ભૂષણ શાહ | હિં. | મિશન જૈનત્વ જાગરણ |
| 3૨ | દિગંબર જૈન સંપ્રદાય-અધ્યયન | ભૂષણ શાહ | હિં. | મિશન જૈનત્વ જાગરણ |
| 33 | ઇતિહાસ કે આઇને મેં | ભૂષણ શાહ | હિં. | મિશન જૈનત્વ જાગરણ |

# સં-૨૦૭૪-૨૦૭૫ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૩૪ | જ્ઞાનસાર ભા-૧,૨,૩ | આ.રવિશેખરસૂરિજી | ગુજ. | ઝાલાવાડ જૈન શ્વે.મૂ.સંઘ |
| ૩૫ | જીવવિચાર યાને સિદ્ધ સ્વરૂપ | આ.રવિશેખરસૂરિજી | ગુજ. | ઝાલાવાડ જૈન શ્વે.મૂ.સંઘ |
| ૩૬ | નમસ્કાર મહામંત્ર | આ.રવિશેખરસૂરિજી | ગુજ. | ઝાલાવાડ જૈન શ્વે.મૂ.સંઘ |
| ૩૭ | પટ્ટાવલી - ૧ | આ.મુક્તિ-મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ચંપકલાલ બી.દેઢીયા |
| ૩૮ | શાંતિનાથ ચરિત્ર (ગદ્ય) | આ.પુણ્યકીર્તિસૂરિજી | ગુજ. | શ્રી દર્શન સ્મૃતિ ટ્રસ્ટ |
| ૩૯ | હસ્તાક્ષરનું અક્ષયપાત્ર ૧૪ થી ૨૨ | ભારતી દિપક મહેતા | ગુજ. | ભદ્રંકર જ્ઞાનદિપક ચેરી.ટ્રસ્ટ |
| ૪૦ | પ્રાવચનિક પ્રશ્નોત્તર ૧ થી ૫ | આ.પુણ્યપાલસૂરિજી | ગુજ. | પાર્શ્વાભ્યુદય પ્રકાશન |
| ૪૧ | પંચ સંગ્રહ સાર સંગ્રહ-૧,૨ | આ.પુણ્યપાલસૂરિજી | ગુજ. | પાર્શ્વાભ્યુદય પ્રકાશન |
| ૪૨ | સમુદ્ર વહાણ સંવાદ | પૂ.પુણ્યશ્રમણવિજયજી | ગુજ. | વીર શાસન સેવક પરિવાર |
| ૪૩ | શબ્દોના શિખરે ભા-૨ | પૂ.વૈભવરત્નવિજયજી | ગુજ. | રાજ રાજેન્દ્ર પ્રકાશન ટ્રસ્ટ |
| ૪૪ | સૂરજ થઇ ને ચમક્યા | આ.રાજરત્નસૂરિજી | ગુજ. | શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ |
| | (પૂ.સૂર્યોદયસૂરિજીનું જીવનદર્શન) | ----- | ----. | --------------- |
| ૪૫ | કવિ મોહનલાલજી લટકાળા | ડૉ.સીમા રાંભિયા | ગુજ. | વિવેકગ્રામ પ્રકાશન |
| ૪૬ | નંદીશ્વર દ્વીપ મહાપૂજન | ધર્મચંદ્રજી કર્તા | ગુજ. | બત્રીશી જૈન મસાજ |
| ૪૭ | અષ્ટપ્રકારી પૂજા-દુહા-મંત્રાક્ષર | પૂ.રમ્યદર્શનવિજયજી ગણિ | ગુજ. | પરમપથ દર્શન પ્રકાશન |
| ૪૮ | ૬૮ આગમની પૂજા | આ.હિતવર્ધનસૂરિજી | ગુજ. | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૪૯ | લક્ષ્મી જીતે કે સરસ્વતી ? | આ.હિતવર્ધનસૂરિજી | ગુજ. | કુસુમ અમૃત ટ્રસ્ટ |
| ૫૦ | શ્રુત ઉપાસના | આ.પૂર્ણચંદ્રસાગરસૂરિજી | ગુજ. | આગમોધ્ધારક પ્રતિષ્ઠાન |
| ૫૧ | સંયમીના હૃદયમાં (પાલીતાણા વાચના) | આ.યશોવિજયસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫૨ | ફોર્મ્યુલા | આ.યશોવિજયસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫૩ | કવીક્ષા (કાવ્ય શાસ્ત્રના પ્રમુખ સિધ્ધાંતો) | ડૉ.દીક્ષા એચ.સાવલા | ગુજ. | ગુજરાત સાહિત્ય અકાદમી |
| ૫૪ | કાશ્મીર થી ગિરનાર (ગિરનાર ઉદ્ધાર) | કિરીટભાઇ કાંતીલાલ શાહ | ગુજ. | ગિરનાર મહાતીર્થ વિકાસ સમિતી |
| ૫૫ | અધ્યાત્મસાર | પૂ.સંવેગયશવિજયજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૫૬ | સમ્યગ્દર્શનની રીત | જયેશ મોહનલાલ શેઠ | ગુજ. | શૈલેષ પુનમચંદ શાહ |
| ૫૭ | સાધના સંકેત | પૂ.યશરત્નવિજયજી | ગુજ. | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૫૮ | મનોમંથન | પૂ.યશરત્નવિજયજી | ગુજ. | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૫૯ | રત્ન રાશિ | પૂ.યશરત્નવિજયજી | ગુજ. | જિનગુણ આરાધક ટ્રસ્ટ |
| ૬૦ | દિવ્ય વાર્તાનો ખજાનો-૨૨ | પૂ.દિવ્યવલ્લભવિજયજી | ગુજ. | અજયભાઇ મહેન્દ્રભાઇ મહેતા |
| | (જન્મ થી અજૈન, કર્મે જૈનના પ્રસંગો) | ---------------- | | ---------------- |
| ૬૧ | ઉર્જા (૩૩૩) | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૬૨ | આર્ટ ઓફ પેરેન્ટિંગ (૩૩૯) | આ.રત્નસુંદરસૂરિજી | ભાષા | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૬૩ | પિંડવાડા કે લાલ તુને કર દિયા કમાલ | પં.વૈરાગ્યરત્નવિજયજી | ગુજ. | શ્રી કેવલબાગ જૈન તીર્થ |
| ૬૪ | સંયમની પૂર્વ સંધ્યા | આ.ઉદયવલ્લભસૂરિજી | ગુજ. | સમકિત યુવક મંડળ |

# સં-૨૦૭૪-૨૦૭૫ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૬૫ | લવ યુ ડોટર (બીજી આવૃત્તિ) | પ્રિયમ | ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૬૬ | સંસ્કાર ABCD (બીજી આવૃત્તિ) | પ્રિયમ | ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૬૭ | જૈનીઝમ In My Eye (બીજી આવૃત્તિ) | પ્રિયમ | ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૬૮ | ધ્યાન યોગ | પ્રિયમ | ગુજ. | પરમાનંદ પરિવાર |
| ૬૯ | રાતે ખાતા પહેલા (બીજી આવૃત્તિ) | પ્રિયમ | ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૭૦ | સજ્ઝાયાદિ સંગ્રહ | પૂ. તત્ત્વપ્રેમવિજયજી | ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૭૧ | આત્મૈષણા | પ્રિયમ | ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૭૨ | વર્ષીતપની રહસ્ય યાત્રા (બીજી આવૃત્તિ) | પ્રિયમ | ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૭૩ | ડીલે ઇસ ડેન્જરસ (બીજી આવૃત્તિ) | પ્રિયમ | ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૭૪ | ઉપદેશમાળા | શ્રુતોપાસક | સં/ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૭૫ | ધર્મ રત્ન પ્રકરણ | શ્રુતોપાસક | સં./ગુજ. | શ્રી આશાપૂરણ પાર્શ્વ.જૈન જ્ઞાનભંડાર |
| ૭૬ | અનુસંધાન - ૭૫(૧) | આ.શીલચંદ્રસૂરિજી | સં/હિં. | હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી ટ્રસ્ટ |
| ૭૭ | અનુસંધાન - ૭૫(૨) | આ.શીલચંદ્રસૂરિજી | સં/હિં. | હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી ટ્રસ્ટ |
| ૭૮ | અનુસંધાન - ૭૬ | આ.શીલચંદ્રસૂરિજી | સં/હિં. | હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી ટ્રસ્ટ |
| ૭૯ | નંદનવન કલ્પતરૂ - ૪૧ | કીર્તિત્રયી | સં. | જૈનગ્રંથ પ્રકાશન સમિતિ |

## વૈરાગ્યદેશનાદક્ષ પ્રાચીન શ્રુતોદ્ધારક પ.પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી કિંમતી ટકાઉ કાગળ ઉપર પદ્મમાળા સેટ-૯ અન્વયે પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | ઉપમિતિ સાર સમુચ્ચય | આ.શ્રી વર્ધમાનસૂરિજી | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૨ | કર્મગ્રંથ ષટ્કાવચૂરિ | આ.શ્રી ગુણરત્નસૂરિજી | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૩ | કુવલયમાળા-૧ | આ. ઉદ્યોતનસૂરિજી | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૪ | કુવલયમાળા-૨ | આ. ઉદ્યોતનસૂરિજી | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૫ | ગુણ સ્થાનક ક્રમારોહ | આ.શ્રી રત્નશેખરસૂરિજી | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૬ | ત્રિષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર - પર્વ - ૧ | આ.શ્રી હેમચંદ્રાચાર્ય | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૭ | ત્રિષ્ઠિશલાકા પુરુષ પર્વ - ૨,૩ | આ.શ્રી હેમચંદ્રાચાર્ય | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૮ | ત્રિષ્ઠિશલાકા પુરુષ પર્વ - ૪,૫,૬ | આ.શ્રી હેમચંદ્રાચાર્ય | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૯ | ત્રિષ્ઠિશલાકા પુરુષ પર્વ - ૭ | આ.શ્રી હેમચંદ્રાચાર્ય | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૧૦ | ત્રિષ્ઠિશલાકા પુરુષ પર્વ - ૮,૯ | આ.શ્રી હેમચંદ્રાચાર્ય | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૧૧ | ત્રિષ્ઠિશલાકા પુરુષ પર્વ - ૧૦ | આ.શ્રી હેમચંદ્રાચાર્ય | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૧૨ | ધન્ય ચરિત્ર | શ્રી જ્ઞાનસાગરગણિ શિષ્ય | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૧૩ | ધર્મ પરીક્ષા | મહો.શ્રી.યશોવિજયજી | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૧૪ | પાર્શ્વનાથ ચરિત્ર | આ.ભાવદેવસૂરિજી | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૧૫ | મુનિસુવ્રતસ્વામી ચરિત્ર | આ.વિનયચંદ્રસૂરિજી | સં. | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ |

# શાસન હીલના - અપભ્રાજના



સિંહ સત્ત્વ સાથે સંસારનો ત્યાગ કરીને પ્રભુના પંથે પ્રચંડ-પરાક્રમથી પ્રયાણ કરનાર સર્વે સંયમી ભગવંતોની ભાવપૂર્વક અનુમોદના કરીએ છીએ. ગીચ શહેરીકરણ, સ્વચ્છતા અભિયાન અને લોકોની બદલાયેલી માનસિકતાને લીધે પંચમસમિતિના પાલનમાં પ્રતિકૂળતા વધતી જાય છે. ૩૫૦ ગાથાના સ્તવનમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે....

" નિંદિત આચારે જિનશાસન, જેહને હીલે લોક,
માયા પહેલી તસ અજ્ઞાને, સર્વ અહિંસા ફોક "

લોકોમાં જે આચાર નિંદનીય છે. જેનાથી લોકો જિનશાસનની હીલના કરે છે. તે આચાર નથી પણ અજ્ઞાન છે. તેને સંયમ માનવું કે મનાવવું તે પોતાને અને બીજાને છેતરવાની પ્રવૃતિ છે. તેવું કરનારની બધી જ જીવદયા ફોગટ છે.

આગમગ્રંથો અને શાસ્ત્ર ગ્રંથોના પંચમસમિતિના પાલન અંગેના પૂર્વાચાર્યોના પાઠો અને તેના વિસ્તૃત વિવેચન સાથેના પાંચ પુસ્તકો એક મુનિરાજ દ્વારા સ્વહસ્તાક્ષરમાં લખેલા તે આ પાંચ નામથી અમોએ પ્રકાશિત કર્યા છે.

(૧) પરઠવતાં પહેલાં
(૨) પંચમસમિતિ પ્રભુની દૃષ્ટિમાં
(૩) બસ હવે બહું થયું
(૪) આખરે ક્યાં સુધી ?
(૫) હવે તો નહીં જ

ઉપરોક્ત શાસ્ત્ર વચનોને લક્ષ્યમાં રાખીને અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, નડિયાદ, જોધપુર, મુંબઇ વગેરે શહેરોમાં ઘણા સંઘોમાં ઉદારદિલ ટ્રસ્ટીઓએ આનો અમલ પણ કરેલ છે. જેની અનુમોદના કરીએ છીએ.

શાસનહીલના ન થાય અને કોઇ પણ જીવ બોધિ-દુર્લભ ન બને તે માટે ઉપાય સ્વરૂપ પારિષ્ઠાપનિકા સોલ્યુશન, પંચમસમિતિ પાલન અને ઉપાય તેમજ વંદે શાસનમ્ ના લેખ પ્રકાશિત કર્યા હતાં. ભારતના લાખો ગામોમાં પ્રચલિત પદ્ધતિ જ સંયમી ગુરુભગવંતોને પરઠવવા માટે ઓછી વિરાધના અને કાળોચિત જયણાસ્વરૂપ શુષ્કકૂપ પદ્ધતિ છે જે ઉપાશ્રયમાં બનાવવા માટે અમોએ સૂચન કરેલ છે. આ બદલ ગચ્છાધિપતિઓ અને શાસન પ્રભાવક આચાર્ય ભગવંતોએ પ્રતિસાદરૂપે સુંદર આશિર્વચન પત્રો પાઠવ્યાં. અનુમોદના અને પ્રોત્સાહનથી અમારા પ્રયાસમાં પ્રાણ પૂર્યા અને આશિર્વાદથી રીતસર અમને નવડાવી દીધા. અમને પણ ખરેખર એમ લાગ્યું કે પૂજ્ય ગચ્છાધિપતિશ્રીઓથી માંડીને સેંકડો વિશિષ્ટ વિદ્વાનો અને વિશિષ્ટ સંયમીઓ પણ જે વસ્તુ ઇચ્છતા હતા, જે સમજુતી ફેલાય એવી ઝંખના કરતા હતા એમાં અમે નિમિત્ત બન્યાં. શાસનહીલના અને અપભ્રાજના નિવારણ માટે પૂજ્ય ગુરુભગવંતોએ પોતાની વેદના રજુ કરતાં જે પત્રો અમોને મોકલ્યાં તે બધાં જ આશિર્વચનોના પત્રો અમો નૂતન પુસ્તકમાં પ્રકાશિત કરીશું, ઉપાશ્રયના ટ્રસ્ટીઓ અને સંચાલકોને આ અંગેની વિગતવાર માહિતીની જરૂર હોય તો અમારો સંપર્ક કરશો. વર્કીંગ. ડ્રોઇંગ અને ફોટા સાથેની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે તેમજ જરૂર હોય તો આ કાર્ય માટે કારીગરની પણ વ્યવસ્થા પણ કરી આપવામાં આવશે.

પૂજ્ય ગુરુભગવંતોને નમ્ર અરજ છે કે જેમણે આશિર્વાદનો પત્ર હજુ સુધી ન મોકલ્યો હોય તો યથાશીઘ્ર મોકલશો. જેથી આગામી પ્રકાશનમાં સમાવેશ પામી શકે.

# જ્ઞાન - સ્વામિવાત્સલ્ય

- પ્રિયમ્

જિનશાસનની પરંપરાનું સંચાલક બળ છે ઉપદેશ. સમવસરણમાં ભગવાન શાસનસ્થાપના કરે, એનું કારણ પણ ઉપદેશ હોય છે, હજારો આત્માઓ દીક્ષા લે છે એનું કારણ પણ ઉપદેશ હોય છે. કોઇ પણ પ્રકારનો ધર્મ થાય- પરિણમે એનું કારણ પણ ઉપદેશ હોય છે.

દુનિયાના જે જે ધર્મો - પંથો વગેરેએ વર્તમાનમાં ઉપદેશનું માધ્યમ સ્વાધ્યાય, પુસ્તક, પ્રવચન વગેરે રૂપે પકડ્યું છે. તેમની ચડતી થઇ રહી છે જેમણે આ માધ્યમ છોડ્યું છે, તેમની પડતી થઇ રહી છે. ચર્ચ પાસેથી પસાર થનાર માણસને ય બાઇબલના બે-ચાર વાક્યો આંખે ઉડીને વળગતા હોય છે. ભલે, એમનો માલ ઉતરતો છે, એમનો પ્રચારનો ઉત્સાહ કેટલો !

આપણી પાસે વિશ્વશ્રેષ્ઠ તત્ત્વ છે, છતાં આપણા દેરાસરો, ઉપાશ્રયો, તીર્થો -આ બધા કેટલા મૌન હોય છે, કરોડોના પુસ્તકો આપણે ત્યાં છપાય છે, ને છતાં ય આપણાં સુધી ય આપણે પહોંચી શક્તા નથી, પ્રવચનોમાં આવે છે તે આવે છે, બાકીના વેગળા રહે છે. સદંતર વેગળા ને બહારના સુધી પહોંચવાનો તો કદાચ આપણી પાસે ઉદ્દેશ્ય જ નથી, આખરે ક્યાં સુધી આપણે આવા રહીશું ? સંવેદનાશૂન્ય, વેદનામુક્ત, ઉત્સાહહીન.... આખરે ક્યાં સુધી ?

ચાલો, જિનશાસનની સંવેદનાથી અંતરને ભરી દઇએ, વિશ્વના સર્વ શ્રેષ્ઠ તત્ત્વને સર્વ શ્રેષ્ઠ નજરકેદની બહાર લાવીએ, જૈનોને ય ભીના ભીના કરી દઇએ, અને જાહેર જનતાને ય પલાળી દઇએ, Yes, It's Possible...Come on....

આ ઉપાય છે જિનાલય, ઉપાશ્રય, તીર્થો વગેરેને બોલતા કરી દેવાનો, આખું ય વાતાવરણ મુખર કરી દેવાનો, સતત જિનશાસનના વક્તવ્યનું બ્રોડકાસ્ટ કરવાનો, જો ઉત્સાહી આત્માઓ તે તે ધર્મસ્થાનની બહારની અને અંદરની દીવાલો પર જિનશાસનના વિશેષ સુભાષિતોને પેઇંન્ટીંગ દ્વારા પ્રસ્તુત કરે, તો આ સ્વપ્ન સાકાર થઇ શકે, પ્રભુની વાણીને સ્વહસ્તે પેઇન્ટ કરવાની અને લાખો લોકોને જિનવચનની લહાણી કરવાની કલ્પના જ કેટલી રોમાંચક છે ! આ જ્ઞાન-સ્વામિવાત્સલ્ય છે. આ સદ્ગતિની પ્રભાવના છે. આ ભાવ અનુકંપાદાન છે, આ ભવ કતલખાનામાંથી લાખો જીવોને છોડાવવાની ઘટના છે. આ સિદ્ધચક્રનું ભીતરી પૂજન છે. આ એક દૃષ્ટિએ આગમના સોના-રૂપાના ફૂલ દ્વારા વધામણા છે.

દર રવિવારે દરેક પુણ્યાત્માઓ દ્વારા એક કલાક આપવામાં આવે તો આપણા તે તે ધર્મસ્થાનનો આખો મહોલ જ બદલાઇ શકે છે. પોસિબલ હોય તો ધર્મસ્થાન સિવાય પણ સોસાયટી, ઘર વગેરેની દીવાલ પર પણ આ જ્ઞાન-સ્વામિવાત્સલ્ય સાકાર થઇ શકે છે.

# જ્ઞાન - સ્વામિવાત્સલ્ય

રહ્યો સવાલ - શું લખવું એનો, તો તે માટે જિનાલય, ઉપાશ્રય, આયંબિલ ખાતું, તીર્થ વગેરે માટે ઘણા બધા જુદા જુદા વધારે બીજા સુલખાણ અમારી પાસે ઉપલબ્ધ છે.

દા.ત : બહારની દીવાલોમાં લખવાના વાક્યો


(૧) તું જે પોતાના માટે ઇચ્છે છે
એ બીજા માટે પણ ઇચ્છ,
તું જે પોતાના માટે નથી ઇચ્છતો,
એ બીજા માટે પણ ન ઇચ્છ,
આનું જ નામ છે જૈન ધર્મ
- ભગવાન શ્રી મહાવીર સ્વામી ( બૃહત્કલ્પ આગમ)

(૨) જો આકાશનો અંત આવી શકે
તો જ ઇચ્છાનો અંત આવી શકે,
છોડી દે ને ઇચ્છા
એનાથી તું કદી સુખી થવાનો નથી.
- ભગવાન શ્રી મહાવીર સ્વામી ( ઉત્તરાધ્યયન આગમ)

ઉપર મુજબના બોર્ડ- પેઇન્ટીંગ્સ આખા તીર્થમાં ગોઠવી દેવાય. ખરેખર, તીર્થના દેદાર ફરી જશે. ખૂબ સારું કામ કર્યાનો સંતોષ થશે અને જબરજસ્ત પુણ્યનું ઉપાર્જન થશે. તીર્થની અતિ ઉચ્ચ ભક્તિનો આ એક ઉચ્ચ પ્રકાર છે.

જિનાલય વગેરેમાં આ પેઇન્ટીંગ્સ કર્યા પછી નિયત સમયે અઠવાડીયે /પંદર દિવસે / મહિને / છ મહિને / વર્ષે તે લખાણો ચેન્જ કરવાથી વધુ ઇફેક્ટીવ બને. તીર્થમાં ચેન્જ ન કરો તો ચાલે, લોકલ પ્લેસમાં પોસિબલ હોય તેટલા શોર્ટ પિરિયડમાં વિદ્વાનોના માર્ગદર્શન અનુસાર ચેન્જ કરતા રહેવા વિનંતી છે. જ્ઞાન-સ્વામિવાત્સલ્ય માટે પેઇન્ટીંગ ગ્રુપના જે સભ્યો બનશે તેઓ સહજ રીતે આ નિમિત્તે જ્ઞાની અને જ્ઞાનના સંપર્કમાં આવતા રહેશે.

સો આઇટમનો જમણવાર કરવામાં જે પુણ્ય છે, તેના કરતા પણ આ જ્ઞાન સ્વામિવાત્યલ્ય કરવામાં એક અપેક્ષાએ અનેકગણું પુણ્ય છે. ભોજન એક ટંક માટે હોય છે, જ્ઞાન ભવોભવ માટે હોય છે. એકવાર તમે ચાલુ કરો. આ સત્કાર્યનું પરિણામ અને તેનો આત્મસંતોષ જ તમને આ કાર્ય માટે વારંવાર પ્રેરિત કર્યા કરશે.



# શ્રુતવિશ્વમાં નવલું નજરાણું

## ગૂઢાર્થ તત્ત્વાલોક :- યશોલતા ટીકા

પ.પૂ.આ.શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના પૂજ્ય આ.શ્રી યશોવિજયસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન પૂજ્ય ભક્તિયશવિજયજી મ.સા. (૨૧ વર્ષની ઉંમર-૧૪ વર્ષનો દીક્ષા પર્યાય) દ્વારા ન્યાયમાં ખૂબ જ અઘરો અને જટીલ ગ્રંથ, ગૂઢાર્થ તત્ત્વાલોક ઉપર ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃતમાં ટીકાની રચના કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા આ નૂતન યશોલતા ટીકા ઉપર એક ૧૪ દિવસના વર્કશોપનું આયોજન પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નેજા હેઠળ કરવામાં આવેલ અને તેમાં દેશભરમાંથી સંસ્કૃત અને ન્યાયના વિદ્વાનોએ ભાગ લીધો હતો.

**પંચ કપ્પ ભાસં (પંચ કલ્પ ભાષ્યમ્ ) :** સિદ્ધાંત મહોદધિ પૂજ્ય આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન આ.શ્રી કુલચંદ્રસૂરિજી મ.સા.દ્વારા આગમગ્રંથ પંચકલ્પભાષ્ય ઉપર વિશાળ સંસ્કૃત નૂતન ટીકાનું પ્રથમવાર સર્જન કરેલ છે. પૂજ્યશ્રી ૮૮ વર્ષની ઉંમરે પણ સતત શાસ્ત્રાભ્યાસ અને લેખનમાં રત હોય છે. છ છેદસૂત્રો પૈકી એક એવા અભ્યાસમાં ખૂબ જ અઘરા આગમગ્રંથ ઉપર ટીકા રચીને ગ્રંથનો અભ્યાસ સરળ બનાવેલ છે. ઉત્તમ કક્ષાના ટકાઉ કાગળ ઉપર વજનમાં ખૂબ જ હલકા આકર્ષક પ્રિન્ટીંગ સાથે દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા બે ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

**સુન્દરૈકાક્ષરકોષ :-** પ.પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિજી મ.સા. ના પ્રશિષ્ય પૂ.રાજસુન્દરવિજયજી (ઉંમર વર્ષ-૨૩, દીક્ષા પર્યાય ૮ વર્ષ ) દ્વારા જુદા જુદા જ્ઞાનભંડારોમાંથી હસ્તપ્રતો મેળવીને સંશોધન-સંપાદન કરીને સંસ્કૃત વિશ્વના ઇતિહાસમાં પ્રથમવખત સવિસ્તૃત એકાક્ષરકોષની પૂણ્યસૌમ્યા નામની સ્વોપજ્ઞ ટીકા સાથે બનાવેલ છે. આની સાથે એકાક્ષર નામકોષ સંગ્રહનું પણ સંપાદન કરી બન્ને ગ્રંથો શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે.

**જૈનીઝમ કોર્સ :-** પ.પૂ.આ.શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના દીક્ષાદાનેશ્વરી પ.પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.ની પ્રેરણાથી જૈનીઝમના ત્રણ વર્ષના કોર્ષ પૈકી પ્રથમ વર્ષના કોર્ષના બાર પુસ્તકોનું ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષામાં સુરતમાં ભવ્ય સમારોહમાં પ્રકાશિત કરવામાં આવ્યા. આ પુસ્તકો સાત વિદ્વાનો દ્વારા જુદા જુદા વિષયોની તલસ્પર્શી માહિતી રૂપે લિખિત છે. ખૂબ જ ઉત્તમ પ્રિન્ટીંગ અને સચિત્ર મલ્ટીકલરમાં બનાવેલ છે. આ સમગ્ર કોર્ષનું સંપાદન વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી યશરત્નવિજયજી દ્વારા કરવામાં આવેલ છે. આ કોર્ષમાં દરેક ઉંમરની વ્યક્તિ ભાગ લઇ શકે છે. ચૈતન્યગુણ જૈન એકેડમી (મુંબઇ-સુરત) ઉપર ૧ થી ૧૨ પુસ્તકોનો પ્રથમ વર્ષના અભ્યાસ માટેનો સેટ ઉપલબ્ધ છે.પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર આપવામાં આવશે. M. 9987999299, 7874110008

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
Mob. : 9426585904 (O) 22132543
E-mail : ahoshrut.bs@gmail.com